
૬

# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી પદ્મપ્રભુ સ્વામી

श्री
गरसूरि
दिर
धीनगर



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૬

## શ્રી પદ્મપ્રભુસ્વામી


**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ગ્રૈવેયક નવંમા થકી | શ્રી વીરવિજયજી | ૧ |
| નવમ ગ્રૈવેયકથી ચવી | શ્રી જ્ઞાનવિમલજી | ૧ |
| કોશંબીપુરી રાજીયો | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પદ્મપ્રભ પ્રાણસે પ્યારા | શ્રી વીરવિજયજી | ૨ |
| પદ્મપ્રભ જિન ! તુજ-મુજ | શ્રી આનંદઘનજી | ૩ |
| પદ્મપ્રભ જિન જઈ અલગા | શ્રી યશોવિજયજી | ૪ |
| પદ્મપ્રભજિન ! સાંભળો | શ્રી યશોવિજયજી | ૫ |
| કોસંબી નયરી ભલીજી | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી પદ્મપ્રભ સ્વામ, અરજ | શ્રી ભાણવિજયજી | ૬ |
| પદમ[૧] અલંકૃત વિનતિ | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| પદ્મપ્રભ પુરૂષોત્તમો રે સાજન | શ્રી લક્ષ્મીવિમલજી | ૭ |
| શ્રી પદ્મપ્રભના નામને હું | શ્રી માનવિજયજી | ૮ |
| પદ્મપ્રભ જિનરાય જી રે | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૯ |
| શ્રી પદ્મપ્રભ પ્રણમીયે | શ્રી ભાવવિજયજી | ૧૦ |
| પદ્મપ્રભની સેવા કરતાં | શ્રી વિનયવિજયજી | ૧૧ |
| ચરણ-કમલમેં ચિત્ત દિયોરી | શ્રી હરખચંદજી | ૧૨ |
| પદ્મપ્રભજિન સેવના | શ્રી નયવિજયજી | ૧૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મિલિ કરિ આવો હો ! | શ્રી ઋષભસાગરજી | ૩ |
| લાલ જાસૂના ફૂલસો વારૂ | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| પદ્મપ્રભ આગળ રહી રે | શ્રી જિનવિજયજી | ૧૫ |
| પદ્મ-ચરણજિનરાય | શ્રી જિનવિજયજી | ૧૬ |
| પદ્મપ્રભ અભિનવ પદ્માકર | શ્રી હંસરત્નજી | ૧૭ |
| પરમ-રસભીનો માહરો | શ્રી મોહનવિજયજી | ૧૮ |
| અજબ બની રે મેરે અજબ બની | શ્રી રામવિજયજી | ૨૦ |
| શ્રી પદ્મપ્રભજીને સેવિયે રે | શ્રી રામવિજયજી | ૨૧ |
| શ્રી પદ્મપ્રભરાજીઓ રે | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| અરે બોલ ! તું નિમાણાં | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| શ્રી પદ્મપ્રભજિન રાજને રે લો | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| પદ્મપ્રભ છઠ્ઠા નમો—સાહેલડીયાં | શ્રી પદ્મવિજયજી | ૨૪ |
| પદ્મજિનેસર પદ્મ લંછન ભલું | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| પદ્મપ્રભ-પદપંકજ-સેવના | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૬ |
| શ્રી પદ્મપ્રભ જિનરાજ શોભે | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| પદ્મપ્રભ શું મન લય લીનો | શ્રી દાનવિમલજી | ૨૮ |
| પદ્મપ્રભુ જિનવર જયો રે | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| પ્રભુ! તેરી મૂરતિ મોહનગારી | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| શ્રી જિનરાજ જયંકરૂ | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| શ્રીપદ્મ સદ્મ કમળાતણો | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| પદ્મપ્રભ જિંનરાજનાં જો | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અંતરજામી પ્રભુ માહરા રે | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિ રે | શ્રી દેવચંદ્રજી | ૩૫ |
| પદ્મ પ્રભનો પામીએ રે લો | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| પદ્મપ્રભ-જિનરાયની પ્રભુતા | શ્રી દાનવિજયજી | ૩૭ |
| પદ્મપ્રભ-ભગવંત મહંત હૈયે | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| પદ્મપ્રભ-જિન ભેટીયે રે | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| પદ્મ-પ્રભ-જિનરાયજી | શ્રી કનકવિજયજી | ૪૦ |
| તુમ મૂરત મન માની હો | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| પદ્મપ્રભ જિનરાય, રાતી | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| પદ્મપ્રભ જિનરાજ, સુરનર | શ્રી રતનવિજયજી | ૪૪ |
| પદ્મપ્રભ જિન પેખતાં | શ્રી માણેકમુનિ | ૪૫ |
| જલથી પદ્મ ન્યારો રહે રે | શ્રી દીપવિજયજી | ૪૬ |
| પઉમપ્પહ ઢાઈસય ધણું | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૭ |
| શ્રી પદ્મપ્રભ જિનરાજજી | શ્રી સ્વરૂપચંદજી | ૪૮ |
| પ્રભુજી ! તુમારી અ-કથ | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| પદ્મપ્રભ-પદ-પંકજ-સેવા | શ્રી જગજીવનજી | ૫૦ |
| હો ! જિનવર ! અબ તો | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| ઘડી ઘડી સાંભરે સાંઇ | શ્રી યશોવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| પદ્મપ્રભુદત છદ્માવસ્થા | શ્રી વીરવિજયજી | ૫૨ |
| અઢીસેં ધનુષ કાયા | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તારીકરણેણં, પાયચ્છિત્તાકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈ, તાઈં સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોડર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી પદ્મપ્રભુસ્વામીના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ગ્રૈવેયક નવમા થકી, કોસંબી ઘરવાસ;
રાક્ષસ ગણ નક્ષતરૂ, ચિત્રા કન્યારાશિ....।।૧।।

વૃક યોનિ પદ્મપ્રભુ, છદ્મસ્થા ષટ્માસ;
તરુ છત્રોધે કેવલી લોકાલોક પ્રકાશ....।।૨।।

ત્રિણ અધિક શત આઠશું એ, પામ્યા અવિચલ ધામ;
વીર કહે પ્રભુ માહરે, ગુણશ્રેણી વિશ્રામ....।।૩।।

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

નવમ ગ્રૈવેયકથી ચવી, મહાવદિ છઠ દિવસે;
કારતક વદિ બારશે જનમ, સુરનર સવિ હરખે....।।૧।।

વદિ તેરશ સંયમ ગ્રહેએ, પદ્મપ્રભ સ્વામી;
ચૈત્રી પૂનમ કેવલી, વળી શિવ ગતિ પામી....।।૨।।

માગશર વદિ અગ્યારશેએ, રક્ત કમલસમ વાન;
નય વિમલ જિનરાયનું, ધરીએ નિરમલ ધ્યાન....।।૩।।

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

કોશંબીપુરી રાજીયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામઈ, સુસીમા જસ માય.......૧
ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીશેં દેહડી, સવી કર્મને ટાલી.......૨
પદ્મલંછન પરમેશ્વરુએ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજીયે, ભવિજન સહુ નિત્યમેવ......૩

# શ્રી પદ્મપ્રભુસ્વામીના સ્તવન

## કર્તા : શ્રી વીરવિજયજી મ.

(પદ્મપ્રભ પ્રાણસે પ્યારા)

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા, છોડાવો કર્મ કી ધારા;
કર્મ ફંદ તોડવા દોરી, પ્રભુજીસે અર્જ હે મોરી......૧
લઘુવય એક થેં જીયા, મુક્તિમેં વાસ તુમ કીયા;
ન જાની પીડ તેં મોરી, પ્રભુ અબ ખીંચ લે દોરી......૨
વિષય સુખ માની મોં મનમે, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નિકલવા ના રહી બારી......૩
પરવશ દીનતા કીની, પાપકી પોટ શિર લીની;
ન જાની ભક્તિ તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી......૪
ઈસ વિધ વિનતિ મોરી, કરૂં મેં દોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજો; વીર નું કાજ સબ કીજો......૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

### (રાગ—મારુ-સિધુડો-ચાંદલિયા ! સંદેશો કહેજે મારા કંતને રે—એ દેશી)

પદ્મપ્રભ જિન ! તુજ-મુજ આંતરૂ રે,[1] કિમ ભાંજે ભગવંત ? ।
કર્મવિપાકે[2] હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત—પદ્મ૦॥૧॥

પયઈ[3]-ઠિઇ-અણુભાગ-પ્રદેશથીરે, મૂળ-ઉત્તર બિહું ભેદ ।
ઘાતી અ-ઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ-વિછેદ—પદ્મ૦॥૨॥

કનકોપલવત્[4] પયડી[5]-પુરુષ તણી રે, જોડી[6] અનાદિ-સ્વભાવ ।
અન્ય-સંયોગી[7] જિહાં લગે આતમારે, સંસારી કહેવાય—પદ્મ૦॥૩॥

"કારણ-યોગે હો બાંધે બંધને રે," કારણ મુગતિ મુકાય ।
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેયો-પાદેય સુણાય—પદ્મ૦॥૪॥

યુંજન-કરણે[8] હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે[9] કરી ભંગ ।
ગ્રંથ-ઉક્તેં[10] કરી પંડિતજન કહ્યો રે, અંતર-ભંગ[11] સુ-અંગ[12]—પદ્મ૦॥૫॥

તુજ-મુજ[13] અંતર[14] અંતર[15] ભાંજશેરે, વાજશે મંગળતૂર ।
જીવ-સરોવર અતિશય વાધશ્યેરે, **આનંદઘન** રસપૂર—પદ્મ૦॥૬॥

---

૧. જુદાપણું ૨. કર્મનો વિપાક કારણરૂપ છે,એમ ઘણા બુદ્ધિમાનો કહે છે ૩. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધથી ૪. સોનું અને માટીના સંયોગની જેમ ૫. પ્રકૃતિ=કર્મ, પુરુષ=આત્માનો ૬. સંયોગ ૭. બીજા કર્મ સાથે સંયોગવાળો ૮. જે કારણ વડે આત્માનો કર્મ સાથે સંબંધ થાય તે ૯. જુદાપણું ટાળવાનો ઉપાય ૧૨. સુ=અત્યંત, ચંગ=સુંદર=સારો ૧૩. આપની અને મારી વચ્ચેનું ૧૪. વચ્ચેનું ૧૫. આંતરું

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (સહજ સલુણા હો સાધુજી ! એ-દેશી)

પદ્મપ્રભ જિન જઈ અલગા[1] રહ્યા, જિહાંથી નાવે લેખોજી[2]
કાગળને મસી[3] તિહાં નવિ સંપજે, ન ચલે વાટ-વિશેખોજી
(સ[5]-કણ) સ-ગુણ-સનેહારે કદીય ન વિસરે—સગુણ૦॥૧॥

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી
જેહનું મિલવું દોહિલું તેહશું નેહ તે આપ-કિલેશોજી—સગુણ૦॥૨॥

વીતરાગશું રે રાગ તે એક[7]-પખો, કીજે કવણ-પ્રકારોજી
ઘોડો દોડે રે સાહિબ-વાજ[8]માં, મન નાણે અસવારોજી—સગુણ૦॥૩॥

સાચી ભક્તિ ભાવના[9]-રસ કહ્યો, રસ હોયે તિહાં દોય રીઝેજી
હોડા-હોડે રે બિહું[10]-રસ-રીઝથી મનના મનોરથ સીઝેજી—સગુણ૦॥૪॥

પણ ગુણવંતા રે-ગોઠે ગાજીએ, મોટા[12] તે વિશ્રામોજી
વાચક **જશ** કહે એહજ આશરે, સુખ લહું ઠામો ઠામજી—સગુણ૦ ॥૫॥

---

૧. દૂર ૨. લખાણ=કાગળ ૩. બહાનું ૪. રસ્તો ૫. ગુણવાળા-સારા ગુણવાળાનો સ્નેહ ૬. પોતાને કષ્ટરૂપ ૭. એક તરફી ૮. માલિકીની લગામ મુજબ ૯. ભાવોની તન્મયતાનો રસ ૧૦. બંનેની રસ પૂર્વક અંતરની પ્રસન્નતાથી ૧૧. ગુણવાન મહાપુરુષોની સોબતથી ૧૨. કેમ કે મોટાઓ વિશ્રામ=આધારરૂપ-શરણરૂપ હોય છે.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(આજ અધિક ભાવે કરી-એ દેશી)

પદ્મપ્રભજિન ! સાંભળો, કરે સેવક એ અરદાસ હો
પાંતિ[1] બેસારીઓ જો તુમ્હે, તો સફલ કરજો આશ હો–પદ્મ૦(૧)
જિન-શાસન પાંતિ[2] તેં ઠવી, મુજ આપ્યું આપ્યો સમકિત થાળ હો
હવે ભાણા[3] ખડિખડિ[4] કુણ ખમે ? શિવ[5]-મોહકે પિરસો રસાળ–પદ્મ૦(૨)

ગજ[7]-ગ્રાસન-ગલિત-મીથિં કરી, જીવે કીડીના વંશ હો
વાચક જશ કહે ઈમ ચિત ધરી, દીજે નિજ સુખ એક અંશ હો–પદ્મ૦(૩)

૧-૨. જમવાની પંગત ૩. વાસણ ૪. ખખડાવવા ૫.સહે ૬. મોક્ષરૂપ લાડવો ૭. હાથીના મ્હોંમાંથી ગળેલા પડ્યા દાણાથી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(ઢાલ–ઝાંઝરિયાની)

કોસંબી નયરી ભલીજી ધર રાજા જસ તાત,[1]
માતા સુસીમા જેહનીજી, લંછન કમળ વિખ્યાત-
પદ્મપ્રભશું લાગ્યો મુજ મન રંગ–પદ્મ૦(૧)

ત્રીસ લાખ પૂરવ ધરેજી, આઉખું નવ[2]-રવિ વન્ન
ધનુષ અઢીસેં[3]ઉચ્ચતાજી, મોહે જગ-જન-મન્ન–પદ્મ૦(૨)

એક સહસશું વ્રત લિયેજી, સમેતશિખર શિવ-ઠામ,
ત્રણ લાખ ત્રીસ સહસ ભલાજી, પ્રભુના મુનિ ગુણધામ–પદ્મ૦(૩)

શીળધારિણી સંયતીજી, ચાર લાખ વીસ હજાર,
કુસુમ યક્ષ શ્યામા સુરીજી, પ્રભુ શાસન-હિતકાર–પદ્મ૦(૪)
એ પ્રભુ કામિત[૪]-સુરતરૂજી[૫], ભવ-જળ-તરણ જહાજ
કવિ **જશવિજય** કહે ઈહાંજી, સેવો એ જિનરાજ–પદ્મ૦(૫)

---

૧. પિતા ૨. નવા=ઊગતા સૂર્યના જેવો વર્ણ ૩. ઊંચાઈ, શરીરની ૪. ઇચ્છિતપણું ૫. કલ્પવૃક્ષ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (લાછલદે માત મલ્હાર-એ દેશી)

શ્રી પદ્મપ્રભ સ્વામ, અરજ સુણો અભિરામ,[૧]
આજ હો ! શિરનામીરે બહુવિધ પરે વિનવુંજી૦(૧)

તુમ્હે છો જગદાધાર, મુજ સેવકને તાર,
આજ હો ! ધારો રે મુજ સ્વામીજી નિજ ચિત્તમાંજી૦(૨)

ભગતવચ્છલ ભગવાન, મુજપે હોજો મહેરબાન[૨],
આજ હો ! મુજ ઉપરે રે બમણી[૩] સ્નેહલતા ધરીજી૦(૩)

તુજ સમ માહરે સ્વામી, હવે ન રહી કાંઈ ખામી;
આજ હો ! કામિત[૪] રે માહરાં હવે પૂરણ થાયશેજી૦(૪)

**પ્રેમ-વિબુધ** સુપસાય, **ભાણ** નમે તુમ પાય,
આજ હો ! દેજો રે ભવ-ભવ તુમ પદસેવનાજી૦(૫)

---

૧. સુંદર-શ્રેષ્ઠ ૨. કૃપાવાળા ૩. બમણી ૪. મનની ઇચ્છાઓ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(મન=મધુર મોહી રહ્યો—એ ઢાલ)

પદમ[1] અલંકૃત વિનતિ, પદમપ્રભ જગનાહરે.
તુમ્હ-સરીખો સાહિબ મળ્યો, તો મુજ શિર પર ચાહ રે
—જગજીવન ! જિન વિનતિ૦(૧)
પંડિત[2]-સરખી ગોઠડી, મૂરખ શું[3] ઝકવાદરે,
મનગમતો મીઠો લહ્યો, [4]કડૂયે કવણ સ્વાદરે—જગ૦(૨)
થલ[5] રોપીને જે રહે, જે[6] સહે સન્મુખ ઘાય રે.
જયંતપતાકા[7] તે લહે, શૂરા તણો સભાય રે—જગ૦(૩)
રવિ આગળ જિમ આગીઆ, છો બીજા લખ કોડી રે.
ચરણ ન છોડું તાહરી, કહે **આણંદ** કર જોડી રે—જગ૦(૪)

---

૧. પદ્મ લંછનથી શોભતા ૨. પંડિતોની સુંદર ૩. માથાકૂટ ૪. કડવામાં ૫. મેદાનમાં જે ટક્યો રહે ૬. જે સામા ઘાને ઝીલે ૭. તે જયપતાકા મેળવે ૮. સ્વભાવ

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(રાગ—મારૂ ધરણા ઢોલા—એ દેશી)

પદ્મપ્રભ પુરૂષોત્તમો રે સાજન ! નિઃકારણ તું ભાઈ—ચિત્તના ચોખા;
શુદ્ધ-હેતુ[1] હેજાળુયો રે[2] સા૦, ઓર[3] ઠગારે માઈ[4] ! —ચિત્તના૦(૧)
દુર્જનની કિસી ગોઠડી[5] રે ? સા૦, દુર્જન કિસો હેજ[6] ? —ચિત્તના૦
દુર્જનનો ડહાપણ કિસો રે ? સા૦, દુર્જન દુઃખની સેજ[7]—ચિત્તના૦(૨)

નીંબ-સંબંધે[૮] અંબનેરે[૯] સા૦, નીબપણું ભજે અંબ,–ચિત્તના૦
જાચું[૧૦] હેમપણું[૧૧] ધરે રે, સા૦, રસ-વેધિત[૧૨] જુઓ તંબ–ચિત્તના૦(૩)

સંગતરો વિવરો ઈસોરે સા૦, મધ્યમ-ઉત્તમ જાણ,–ચિત્તના૦
મધ્યમ સંગે મધ્યમો રે સા૦, ઉત્તમ સંગે ગુણઠાણ,–ચિત્તના૦(૪)

મિથ્યાત-કુમતિ સંગથી રે સા૦, ન લહ્યો આપ-સ્વરૂપ,–ચિત્તના૦
મોહવશે બહુ દુ:ખ લહ્યો રે સા૦, પડિયો ભવ-મહાકૂપ,–ચિત્તના૦(૫)

સંત-કૃપાળુ તું મિલ્યો રે સા૦, ભાંગો દુ:ખ-[૧૩]દંદોલ,–ચિત્તના૦
તુજ સંગે મુજ વાધશેરે સા૦, ચિદાનંદ-કલ્લોલ–ચિત્તના૦(૬)

ભવોભવ હોજો ! માહરી રે સા૦, પદ્મપ્રભ શું પ્રીત,—ચિત્તના૦
**કીર્તિવિમલ-પ્રભુ-પાયથી** રે સા૦, **લક્ષ્મીવિમલ** જગ-હિત–ચિત્તના૦(૭)

---

૧. નિ:સ્વાર્થી ૨. પ્રેમાળ ૩. બીજા ૪. હે મા! ૫. સોબત ૬. પ્રેમ ૭. પથારી ૮. લીમડાના સંબંધે ૯. આંબાને ૧૦. સાચું ૧૧. સોનાપણું ૧૨. સોનું બનાવનારી ઔષધિઓના સિદ્ધ રસથી વીંધાયેલ ૧૩. શ્રેણી=સમૂહ

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

**(વારી હું ગોડી-પાસજી ભય-ભંજન ભગવંત જિનજી ! એ દેશી)**

શ્રી પદ્મપ્રભના નામને હું જાઉં બલિહાર-ભવિજન !
નામ જપંતા દીહા[૧] ગમું, ભવ-ભય ભંજનહાર–ભવિ૦શ્રી૦(૧)

નામ સુણંતાં મન ઉલ્હસે, લોચન વિકસિત હોય-ભવિ૦
રોમાંચિત હુવે દેહડી, જાણે મિલિયો સો[૨]ય–ભવિ૦શ્રી૦(૨)

પંચમ-કાળે પામવો, દુર્લભ પ્રભુ-દીદાર –ભવિ૦ !
તોહે તેહના નામનો, છે મોટો આધાર–ભવિ૦શ્રી૦(૩)

નામ ગ્રહયે આવી મિલે, મન-ભીતર ભગવાન-ભવિ૦
મંત્રબળે જિન દેવતા, વાહલો[૩] કીધો આહ્‌વાન–ભવિ૦શ્રી૦(૪)

ધ્યાન પદસ્થ-પ્રભાવથી, ચાખ્યો અનુભવ-સ્વાદ–ભવિ૦ !
**માનવિજય** વાચક કહે, મૂકો બીજો વાદ–ભવિ૦શ્રી૦(૫)

---

૧. દિવસો ૨. તે = પ્રભુ ૩. ઇષ્ટ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

**(વાલ્હેસરની–દેશી)**

પદ્મપ્રભ જિનરાય જી રે લાલ,
ગુણ અનંત ભગવાન-વાલ્હેસર મોરા૦
અતિશયવંત છે તાહરી રે લાલ,
રત્ત[૧]-કમલ સમ વાન રે[૨]–વાલ્હે૦–પદ્મ૦(૧)

ગગન[૩] મવે[૪]કુણ અંગુલે[૫] રે લાલ,
કુણ તોલે કર[૬] મેર[૭] રે–વાલ્હે૦
સર્વ નદી સિકતા[૮]-કણા રે લાલ,
કુણ ગ્રહે મૂઠી સમીર[૯] રે–વાલ્હે૦–પદ્મ૦(૨)

કુણ તારૂ બાંહેં કરી રે લાલ,
ચરમ-જલધિ[10] લહે તીર[11] રે—વાલ્હે૦
સવિ જલ-ઠામના બિંદુઆ રે લાલ,
તારા-ગણિત ગંભીર રે—વાલ્હે૦—પદ્મ૦(૩)

એહ[12] અસંખમાંહિ[13] રહ્યા રે લાલ,
પ્રભુ ! તુમ ગુણ છે અનંત રે—વાલ્હે૦
સમરથ કીમ ગણવા હોઈ રે લાલ,
યદ્યપિ મોહનો અંત રે—વાલ્હે૦—પદ્મ૦(૪)

તેજ પ્રતાપે આગળા રે લાલ,
ગિરૂઆ ને ગુણવંત રે—વાલ્હે૦
શ્રી **જ્ઞાનવિમલ** ભાવે કરી રે લાલ,
તું શિવસુંદરી કંત રે—વાલ્હે૦—પદ્મ૦(૫)

---

૧. લાલ કમળ જેવી ૨. કાંતિ ૩. આકાશ ૪. આપી શકે ૫. આંગળથી ૬. હાથથી ૭. મેરુપર્વત ૮. રેતીના કણિયા ૯. પવન ૧૦. સ્વયંભૂરમણ-સમુદ્ર ૧૧. કિનારો ૧૨. મેરુ, રેતી, પવન વગેરે ૧૩. અસંખ્યાત પ્રદેશ ૧૪. શિવ=મોક્ષરૂપ સ્ત્રીના ધણી

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ રામગિરી—ચંદ્રિકા ચોપડ ઊંચી તડ રે—એ દેશી)

શ્રી પદ્મપ્રભ પ્રણમીયે, છઠ્ઠો જિનવર ચંદ રે
રિષભ[1]-કુળ-કમળ-કલ હંસલો, સેવે સુર-નર-વૃંદ રે—શ્રી૦(૧)

પુત્ર વર ધર[૨]-ધરાધર તણો, મહા[૩]-ધરણિધર ધીર રે
કમળ-લંછન સુસીમા-સુતો, મુનિ[૪]-મન-તરુ-કીર રે—શ્રી૦(૨)

બાલ[૫]-રવિબિંબને જીપતો, જસ અંગનો વાન રે
ધનુષ શત અઢીય ઉન્નતપણે, જસ દેહ પ્રધાન રે—શ્રી૦(૩)

જીવિત જેહ જિનજી તણું, ત્રીસ પૂરવ લાખ રે
નયરી કોસંબીનો નરવરૂ, નમું નિજ મન સાખ રે—શ્રી૦(૪)

કુસુમસુર દેવી શ્યામાભિધા, સેવે શાસન જાસ રે
ભાવ મન-કમળમાંહિ સદા, કરો તે પ્રભુ વાસ રે—શ્રી૦(૫)

---

૧. ઋષભદેવના પ્રભુના કુલ=ઈક્ષ્વાકુરૂ કમળમાં રાજહંસ ૨. ધર નામના ધરાધર=રાજાના ૩. મહા=મોટો ધરણિધર=પર્વત=મેરૂ પર્વત તેની જેમ ધીર ૪. મુનિઓના મનરૂપ વૃક્ષના કીર=પોપટ જેવા ૫, ઉગતા સૂર્યના બિંબને ૬. આયુષ્ય

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (રાગ—મલ્હાર)

પદ્મપ્રભની સેવા કરતાં, લહીંયે સુખની કોડી રે લાલ
પુત્ર કલત્ર[૧] પરિવાર વિરાજે, અવિહડ બંધવ જોડી રે લાલ—પદ્મ૦(૧)
રોગ વિયોગ સયલ ભય નાસે, અંગે ન આવે ખોડિ[૩] રે લાલ
માત સુસીમા નંદન નમતાં, સંપદા આવે દોડી રે લાલ—પદ્મ૦(૨)
સુણ રે પ્રાણી ! હિતુઈ[૪] વાણી, કર્મ તણા મદ મોડી રે લાલ
વિનય કહે ધર[૫]—ભૂધર[૬] કુંઅર, સેવો બે કર જોડી રે લાલ—પદ્મ૦(૩)

---

૧. સ્ત્રી ૨. ન ટૂટે તેવી ૩. ખામી ૪. હિતકારી ૫. ધર=શ્રી પદ્મપ્રભ સ્વામીના પિતાનું નામ ૬. રાજા

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-અલહિયૌ વેલાઉલ)

ચરણ-કમલમેં ચિત્ત દિયોરી, પદમપ્રભકે મુખ કી શોભા,
દેખત ચિત્ત આનંદ ભયોરી—ચરણ૦(૧)

શ્રીધર પિતા સુસીમા માતા, કોસંબીપુર જનમ લીયોરી
ધનુષ અઢીસેં ઊંચી કાયા, લંછન પંકજ[૧]ચરણ ભયોરી—ચરણ૦(૨)

તીસ લાખ પૂરવ સ્થિતિ[૨]જાકી, અરૂનબરન[૩]માનું રવ[૪] ઉદયોરી[૫]
કેવલ જ્ઞાન પ્રકાશક પ્રભુજી, તીન લોક જાકૌં[૬] શીશ[૭] નમ્યોરી[૮]—ચરણ૦(૩)

નામ લેત નવ નિધ પાયો, દર્શન દેખત દુરિત[૯] ગયોરી
**હરખચંદ**કે સાહિબા સાચો, જગજીવન જિનરાજ જયોરી—ચરણ૦(૪)

---

૧. કમળ ૨. આયુ ૪. લાલ વર્ણ ૪. સૂર્ય ૫. ઝાંખા ઊગ્યો ૬. જેમને ૭. મસ્તક ૮. નમાવ્યું ૯. પાપ

## કર્તા : શ્રી નયવિજયજી મ.

**(અલીઅલી કબહી આવેંગો—એ દેશી)**

પદ્મપ્રભજિન સેવના, મેં પામી પૂરવ પુણ્ય હો,
જનમ સફળ એ માહરો, હું માનું એ દિન ધન્ય હો—પદ્મ૦

વિનતિ નિજ સેવકતણી, અવધારો દીન દયાળ હો,
સેવક જાણી આપણો, હવે મહેર કરો મયાળ હો—પદ્મ૦

દુઃષ[1]મારે જો પ્રભુ મિલ્યો, તો ફળ્યો વંછિત કાજ હો,
માનું તરતાં જલનિધિ,મેં પામ્યું સફરી[2]ઝાઝ[3] હો–પદ્મ૦
[4]ચઉગઇ-[5]મહાકાંતારમાં, હું ભમીયો વાર અપાર હો,
ચરણ-શરણ હવે આવીઓ, તાર તાર કિરતાર હો–પદ્મ૦
સેવના દેવના દેવની, જો પામી મેં કૃતપુણ્ય હો,
સફળ જન્મ હું એ ગણું, ગણું જીવિત હું ધન્ય ધન્ય હો–પદ્મ૦
ધન્ય દિવસ ! ધન્ય તે ઘડી, ધન્ય ધન્ય એ વેળા મુજ હો,
મન-વચન-કાયાએ કરી, જો સેવા કરીએ તુજ હો–પદ્મ૦
મહેર કરી પ્રભુ ! માહરી, પૂરજો વાંછિત આશ હો,
**જ્ઞાનવિજય** ગુરુશિષ્યને, દેજો તુહ્મ ચરણે વાસ હો–પદ્મ૦

---

૧. પાંચમા આરામાં ૨. મુખાકૃતિ માટે શ્રેષ્ઠ ૩. વહાણ ૪. ચાર ગતિરૂપ સંસાર ૫. મહા જંગલમાં

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

મિલિ[1] કરિ આવો હો ! પેખો પ્રભુ પદમને, રાજે રૂપનિધાન
સુંદરતા કો હો ! સમૂહ જાણે પ્રગટિયો,
પટંતર[2] એહનૈ ન આન પ્રભુ પ્યારો હો !
મન મ્હેંલુ[3] માહરો, દિલતારક એ દેવ–પ્રભુ૦(૧)
પ્રારથિયાં[4] નઇં હો ! પ્રભુ ! પહડૈ[5] નહીં,
આછી[6] એહની રીતિ તાપ નિવારે હો ! અંતરગતિ[7] તણો,
રાખૈ[8] છે જ નામની પ્રીતિ–પ્રભુ૦(૨)

તન[૯]-છબિ રુડી હો ! લાલ પ્રવાલસી, ભરિયો મુખ પીયૂષ[૧૦]
ઉપના[૧૧] તિહાંથી[૧૨] હો ! વયણ સુણી કરી,
વિસરિ[૧૨] જાયે સહુ દુખ–પ્રભુ૦(૩)

દિલ[૧૪] દેઈ-લેઈ[૧૫] હો ! હેજાલુઓ[૧૬] દાખવૈ[૧૭], વિઘટે[૧૮] વયણની[૧૯] વાત
નિત ચિત-રંજન હો ! ચિત ચોરૈ નહી,
મુજ પ્રભુની એહવી ઘાત[૨૦]–પ્રભુ૦(૪)

એ જિનપતિ હો ! જમવારા[૧૧] લગે[૨૨] પાલૈ અ-વિહડ[૨૩] પ્રેમ
સહસ ગમૈ હો ! રાખૈ નિજ રિમે, સાચો સાહિબ તેમ–પ્રભુ૦(૫)

માત સુસીમા[૨૪] હો ! પ્રતિષ્ઠિત રાયનો, પદમ પ્રભુ પરસિદ્ધ
છહ[૨૬] રીતિ તેહની હો ! તન-સિરિ એકસી, કાદમ જલસ્યું અ-વિદ્ધ–પ્રભુ૦(૬)

અચલ અપૂરવ હો ! પદમજિન જાંણિઇં, કમલાસન[૨૭] સોભંત
**ઋષભસાગર** કહૈ ડર કેહવો, સદા સહાય કરંત પ્રભુ૦(૭)

---

૧. ભેગા થઈ ૨. ભેદભાવ ૩. રાખું છું ૪. પ્રાર્થના કર્યેથી ૫. બેદરકાર ૬.સારી ૭.અંદરના ૮.પોતાનું જેવું નામ છે કે પદ્મપ્રભ=એટલે પદ્મની કાંતિ જેવી= રંગેલી=સંપૂર્ણ પ્રીતિ રાખે છે જ (બીજી ગાથાની ચોથી લીટીનો અર્થ) ૯. શરીરની કાંતિ ૧૦. અમૃત ૧૧. ઉપજેલા ૧૨. તે અમૃત ભર્યા મુખમાંથી ૧૩. ભૂલી જવાય છે ૧૪. હૃદયને ૧૫. લઈને ૧૬. પ્રેમાળ ૧૭. વર્તન કરે ૧૮. ફરી જાય ૧૯. વદનની = મોઢાની ૨૦. રતિ-પદ્ધતિ ૨૧. જમ = યમના વારા = અવસર = મૃત્યુ ૨૨. સુધી ૨૩. નાશ ન પામે તેવો ૨૪.-૨૫. છઠ્ઠા તીર્થંકર પ્રભુનાં માતા તથા પિતાનું નામ છે ૨૬. તે પ્રભુની શરીરના વર્ણ = લાલ રંગ જેવી રીત છે એટલે કે રાગ કરે તેની સાથે રંગાયેલા રહે જેમ કાદવ-પાણી સાથે એકમેક હોય છે તેમ (છઠ્ઠી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૨૭. અષ્ટમહાપ્રાતિકહાર્યમાના સિંહાસનના રૂપક તરીકે કમળનું આસન અહીં જણાવ્યું લાગે છે.

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

લાલ જાસૂના ફૂલસો વારૂ, વાન દેહનો રે
ભુવન-મોહન **પદ્મપ્રભ** નામ જેહનો રે–લાલ૰(૧)
બોધિબીજ વધારવા જેમ, ગુણ મેહનો રે
મન-વચન-કાયા કરી હું, દાસ તેહનો રે–લાલ૰(૨)
ચંદ ચકોરપરે તુજને ચાહું, બાંધ્યો નેહનો રે
ઉદય કહે પ્રભુ ! તુમ વિણ નહી, આધીન કેહનો રે–લાલ૰(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (ચંદ્રપ્રભની ચાકરી રે–એ દેશી)

**પદ્મપ્રભ** આગળ રહી રે, સાહિબ ! કહિયે નિજ વીતક[૧]-જિ૰
અવદાત-જિનેસર સાંભળો રે,-જિ૰
અવિરતિ શું રંગે રમ્યો રે સા૰ સેવ્યા પાંચ મિથ્યાત-જિ૰
મૂઢપણે નવિ પારખી રે, સા૰ સુગુરુ-દેવ-ધર્મની સેવ–જિ૰
નિગુણ[૩]ગુણી-મચ્છર પણે રે, સા૰ન ટલી પરનિંદાની ટેવ–જિ૰
પાંચે આશ્રવ આદર્યા રે, સા૰ કીધો ચાર કષાયનો પોષ, જિ૰
વિકથાને ગારવ વસેરે, સા૰ ન ધર્યો સંતાને સંતોષ–જિ૰
કપટે કિરિયા આચરી રે, સા૰ ન દિયાં મુનિવર દાન–જિ૰
ધર્મકથા મન રંજવારે, સા૰ બગ પરે કીધાં ધ્યાન–જિ૰

વાદ નિમિત્ત વિદ્યા ભણી રે, સા૦ થાપ્યાં ધર્મ વિરોધ–જિ૦
કુમતિ કુનારી સંગતે રે, સા૦ ન કરી આતમ શોધ–જિ૦
મુજ કરણી જો જોયશો રે, સા૦ તો કિમ થાશ્યે કામ ?
ઉત્તમ જળધર[૪] સારિખા રે, સા૦ ન ગણે ઠામ-કુઠામ-જિન૦
પરઉપગારિ-શિરોમણી રે, સા૦ તુમ સમ કુણ જગમાંહી–જિ૦
**ક્ષમાવિજય** ગુરુરાયનો રે, સા૦ સેવક **જિન** ગ્રહ્યો બાંહિ–જિન૦

---

૧. અનુભવેલ ૨. બાબતો ૩. હું નિર્ગુણ છતાં ગુણવાન પર ઈર્ષ્યાભાવવાળો (બીજી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૪. મેઘ જેવા

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (આછેલાલની-એ દેશી)

**પદ્મ[૧]-ચરણ** જિનરાય, બાલ[૨]-અરુણ-સમ કાય;
**જીવનલાલ** ! ઉદયો **ધર[૩]**-નૃપ કુળ–તિલોજી૦...(૧)
મોહાદિક અંતરંગ, અરીયણ[૪] આઠ અભંગ[૫]
જીવનલાલ ! મારવા માનું[૬] રાતો[૭] થયોજી૦...(૨)
ચઢી સંયમ-ગજરાય, ઉપશમ-ઝૂલ બનાય
જીવનલાલ ! તપસિંદુરે અલંકારયોજી૦...(૩)
પાખર ભાવના ચાર, સમિતિ-ગુપ્તિ શિણગાર
જીવનલાલ ! અધ્યાતમ-અંબાડીયેજી૦...(૪)

પંડિત-વીર્ય કબાન[8], ધર્મ-ધ્યાન શુભ બાણ
જીવનલાલ ! ક્ષપકશ્રેણી સેના વળીજી૦...(૫)

શુકલધ્યાન સમશેર,[9] કર્મ-કટક[10] કીયો જેર[11]
**જીવનલાલ ! ક્ષમાવિજય જિન-રાજવીજી૦...(૬)**

---

૧. પદ્મની જેવા કોમળ પગવાળા અથવા પદ્મના લાંછનવાળા ૩. પ્રભુજીના પિતાજીનું નામ ૪. દુશ્મનો ૫. પ્રબળ ૬. જાણે કે ૭. લાલ વર્ણના ૮. ધનુષ્ય ૯. તલવાર ૧૦. સૈન્ય ૧૧. નિર્મળ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(બેડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો-એ દેશી)**

**પદ્મપ્રભ** અભિનવ પદ્માકર[1]-બંધુ સમો પ્રતિભાસે
અરુણ[2]-તરણી ઉપમ[3] તનુ[4] જેહનું, પ્રતપે તેજ પ્રકાશે
—એહવો સહજ[5] સલૂણો સ્વામી, મુજ મન લાગો તેહશું૦—એહવો૦(૧)

પૂરવ દિશે પ્રગટે જિમ દિનકર[6], તિમ સુસીમાની[7] કૂખે
નિજકુળ[8]-ઉદયાચલ-શિર સોહે, રંજન રક્ત[9]-મયૂખે[10]—એહવો૦(૨)
બોધદિવસ દેખી પાખંડી, ઘૂક[11] પલાયે દૂરે
ભવિજન[12]-મનપંકજ-વનમંજરી, વિકસે પ્રેમ પંડૂરે—એહવો૦(૩)

ગ્રહ-ગણની પરે હરિહર દેવા, દીસે સહજે દીના
સુમતિ-વધૂનો સંગ લહીને, મુનિ-ચકવા[14] રહે લીના—એહવો૦(૪)

કુમતિ[15]-કદાગ્રહ હિમ-પરિસરને, પ્રબલ પ્રતાપે શોષે
કર્મચોર તે પ્રભુમુખ દેખી, રહે અળગા[16] અતિ રોષે—એહવો૦(૫)

દિનકરને[૧૭] વાદળ રૂંધે, વળી તે[૧૮] અંગે અધૂરો
મુજ પ્રભુ અપ્રતિહત[૧૯]-પ્રકાસી, સકળ[૨૦] પદારથ પૂરો—એહવો૦(૬)
અંબરમણિ[૨૧] અંબરતલ[૨૨] મારગ, આઠે પહોરે ભમતો
અચળ-વિલાસી એ મુજ સાહેબ, શિવ-વધૂ સંગે રમતો—એહવો૦(૭)
ખીણમાં કાંતિ કરે અતિ ખીણી, રાહુ સદા દિનકરની
તે પણ પદ-પંકજ-રજ ફરસી, જયકામે જિન વરની—એહવો૦(૮)
ત્રિભુવન-મોહ[૨૩]-તિમિર જે ટાળે, જ્ઞાન-કિરણને તેજે
ભવિજન ભાવ ધરીને ભેટો, **હંસરત્ન** પ્રભુ હેજે—એહવો૦(૯)

---

૧. પદ્માકર=કમલનો સમૂહ, તેના બંધુ=સૂર્ય જેવા ૨. ઊગતા સૂર્ય ૩. જેવું ૪. શરીર ૫. સ્વાભાવિક કાંતિવાળા ૬. સૂર્ય ૭. પ્રભુજીની માતાનું નામ ૮. પોતાના કુળ રૂપ ઉદયગિરિપર્વતના શિખરે ૯. લાખ ૧૦. કિરણોથી ૧૧. ઘુવડ ૧૨. ભવ્ય લોક રૂપ કમલનું જે વન તેની મંજરી=ફૂલ પરાગ સમૂહ ૧૩. ભરપૂર ૧૪. મુનિરૂપ ચક્રવાક પક્ષી ૧૫. કુમતના કદાગ્રહરૂપ બરફના સમૂહને ૧૬. દૂર ૧૭. સૂર્યને ૧૮. લોકોક્તિ-પુરાણ કથાના આધારે સૂર્યનો સારથિ અરુણ પાંગળો છે. એ વાતને અહીં ગૂંથી લાગે છે ૧૯. અખંડ પ્રકાશવાળા ૨૦. બધા ગુણોથી ભરપૂર (છઠ્ઠી ગાથાનો ચોથા પદનો અર્થ) ૨૧. સૂર્ય ૨૨. આકાશમાર્ગે ૨૩. અંધકાર

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (ઢોલા મારું ઘડી એક કરહો ઝીકાર હો—એ દેશી)

પરમ[૧]-રસભીનો માહરો, નિપુણ નગીનો[૨] માહરો સાહેબો
પ્રભુ મોરા **પદ્મપ્રભ** પ્રાણાધાર હો,
જ્યોતીરમા[૩] આલિંગીને પ્રભુ૦ અછક[૫] છક્યો દિન રાત હો
ઓળગ[૬] પણ નવિ સાંભરે પ્રભુ૦ તો શી દરિશન વાત ? હો
-પરમ૦નિપુણ૦(૧)

નિર્ભય પદ પામ્યા પછી પ્રભુ૦ જાણીયેં ન હોવે તેહ હો
તો નેહ જાણે આગળે પ્રભુ૦ અળગા તે નિસનેહ હો
-પરમ૦નિપુણ૦(૨)
પદ લેહતાં તો લહ્યા વિભુ પ્રભુ૦ પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો
અમે સુ-દ્રવ્ય સુ-ગુણ ઘણું, પ્રભુ૦સહી તો તિણે શરમાય હો
—પરમ૦નિપુણ૦(૩)
તિહાં રહ્યા કરુણા-નયણથી, પ્રભુ૦ જોતાં શું ઓછું થાય હો
જિહાં તિહાં જિન લાવણ્યતા, પ્રભુ૦ દેહલી-દીપક ન્યાય હો
—પરમ૦નિપુણ૦(૪)
જો પ્રભુતા અમે પામતા, પ્રભુ૦ કહેવું ન પડે તો એમ હો
જો દેશો તો જાણું અમે, પ્રભુ૦ દરિશણ દરિદ્રતા કેમ હો
—પરમ૦નિપુણ૦ (૫)
હાથે તો નાવી શકો, પ્રભુ૦ ન કરો કોઈનો વિશ્વાસ હો
પણ ભોળવીયે જો ભક્તિથી, પ્રભુ૦ કહેજો તો શાબાશ હો
—પરમ૦ નિપુણ૦(૬)
**કમલલંછન** કીધી મયા,[૭] પ્રભુ૦ ગુનહ કરી બગશિશ હો
**રૂપ**-વિબુધના **મોહન** ભણી, પ્રભુ૦ પૂરજો સકલ જગીશ હો
—પરમ૦ નિપુણ૦ (૭)

---

૧. શ્રેષ્ઠ=શાંત ૨. શ્રેષ્ઠ ૩. જ્ઞાનપ્રકાશ ૪. લક્ષ્મી મેળવીને ૫. છલકાય નહીં તે રીતે ગંભીર
૬. સેવા ૭. દયા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(નથ ગઈ રે મેરી નથ ગઈ—એ દેશી)

અજબ બની રે મેરે અજબ બની, અજબ બની પ્રભુ સાથે પ્રીતિ,
તો મુજ દુર્ગતિની શી ભીતિ ? —મેરે૦
દેખી પ્રભુની મોટી રીતિ, પામી પૂરણ રીતિ પ્રતીતિ—મેરે૦...(૧)

જે દુનિયામેં દુર્લભ નેહ[૧], તે મેં પામી પ્રભુની ભેટ[૨]—મેરે૦
આલસુને ઘેર આવી ગંગ, પામ્યો પંથી સખર[૩] તુરંગ[૪]—મેરે૦...(૨)

તિરસે[૫]પાયો માનસતીર, વાદ કરતાં વાધી ભીર—મેરે૦
ચિતચોર્યા સાજનનો સંગ, અણચિંત્યો મિલ્યો ચઢતે રંગ—મેરે૦...(૩)

જિમ જિમ નિરખું પ્રભુ-મુખ-નૂર, તિમ તિમ પાઉં આનંદપૂર-મેરે૦
સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે માહરા સાતે [૬]ધાત-મેરે૦...(૪)

**પદ્મપ્રભુ** જિનને ગુણગાન, લહીયે શિવપદવી અ-સમાન-મેરે૦
**વિમલવિજય** વાચકનો [૭]શિષ્ય, **રામે** પાયો પરમ જગદીશ-મેરે૦...(૫)

૧. ઘણું ૨. મેળાપ ૩. શ્રેષ્ઠ ૪. ઘોડો ૫. તરસ્યાએ ૬. આખા શરીરમાં ઝણઝણાટી

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (કમળરસઝૂમકું-એ દેશી)

**શ્રી પદ્મપ્રભજીને** સેવિયે રે, શિવસુંદરી ભર્તાર-કમળદળ[1] આંખડીયાં
મોહનશું મન મોહી રહ્યું રે, રૂપ તણો નહિ પાર; ભમુહ[2] ધનુ[3] વાંકડીયાં[4]...(૧)

અરુણ[5] કમળ સમ દેહડી રે, જગજીવન જિનરાજ
વયણરસ[6] સેલડીયાં[7] ત્રીસ પૂરવ લખ આઉખું રે,
સારો વાંછિત કાજ-મોહનસુખ–વેલડીયાં૦..(૨)

સૈયરો[8] સવિ ટોળે મળી રે, સોળ સજી શણગાર મળી સખી સેરડીયાં[9]
ગુણ ગાતી ઘૂમરી[10] દિયે રે,
કરે ચૂડી[11] ખલકાર[12] કમળમુખ[13]–ગોરડીયાં[14]...(૩)

માત **સુસીમા** ઉરે ધર્યો રે, મુજ દિલડામાં દેવ–
વસ્યો દિન–રાતડીયાં; **કોસંબીનયરી** તણો રે,
નાથ નમો નિતમેવ – સુણો સખી ! વાતડીયાં૦...(૪)

ધનુષ અઢીસેં શોભતી રે, ઉંચપણે જગદીશ
નમો સાહેલડીયાં **રામવિજય** પ્રભુ સેવતાં રે,
લહીયે સયલ જગીસ–વધે સુખ વેલડીયાં૦...(૫)

---

૧. કમળની પાંખડી જેવી ૨. ભ્રુકુટિ ૩. ધનુષ જેવી ૪. વાંકી ૫. સરળ ૬. વચનનો રસ ૭. શેલડી જેવો ૮. સખીઓ ૯. સરખેસરખી ૧૦. નૃત્યનો પ્રકાર ૧૧. હાથના કંકણનો ૧૨. અવાજ ૧૩. કમળ જેવા મુખવાળી ૧૪. ગૌર વર્ણની

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(ઊંચે ટેબે દેરડી રે—એ દેશી)

**શ્રી પદ્મપ્રભરાજીઓ** રે, અભિનવ શોભાવંત;
મોહન તાજા તેજથી, પ્યારો મુજ હિયડે ભાવંત[1]
જગતગુરૂ ! લૂબાં[2] ઝૂબાં રાજ !
આછો લાગે એ જિનરાજ દીપે ત્રિભુવનનો શિરતાજ –જગત૦

નિરખત મટકો મુખ તણો રે, અમર[3] ધુણાવે શીશ
ચિરંજીવો ઈમ હેજશું, ઇંદ્રાણી ઘે આશિષ–જગત૦

લળીલળી[4] લખ કરિ લુંછણાં રે, લગન લોભાણા લાખ
રૂપતણી મીઠાસમાં, હું તો વારું સાકર દ્રાખ–જગત૦

બાહિર-અંતર ગુણ ભર્યો રે, અવગુણનો નહિ લવલેશ,
ઝુંબક[5] બની મહારાજની, એ આગે છે બીજી પેશ–જગત૦

**પ્રેમ** પ્રસન્ન પ્રભુ દીઠડે રે, દાય ન આવે અન્ય,
**કાંતિ** કહે મુજ આજથી, બેઉ નયન હુઆં ધન્ય ધન્ય–જગત૦

---

૧. સારો લાગે ૨. દેશી શબ્દ છે ભાવાર્થ એમ લાગે છે કે - તમારા તરફ ખેંચાઈને ૩. દેવો ૪. વારંવાર ઝૂકી ઝૂકીને લાખ લૂંછણાં કરું છું. વળી, લગન=વૃત્તિથી લાખો લોભાય છે. (ત્રીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૫. અત્યંત પ્રેમી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(છપ્પો, રાગ કાફી—રાગિણી પંજાબી)**

અરે બોલ ! તું નિમાણાં, અપ્પણા પ્યારે માલ ખોલ—(૩)
દંસણ નાણ ચરણ બહુ મૂલે, રયણ હુયે સો બોલ—(૩)—નિ૦(૧)
ખરિદાર ખાસી હૈ દુનિયા, મુત્તિ લહેદા મોલ—(૩)—નિ૦(૨)
બીચ દલાલ સાંઈ હે વેગે, પદ્મપ્રભ નહિ તોલ—(૩)—નિ૦(૩)
નરભવ નિરૂપમ શહેર વડા હૈ, યાહિ મુગતિકી મોલ—(૩)—નિ૦(૪)
**ન્યાયસાગર** પ્રભુ પદકજ સેવા, રંગે રાતો ચોલ—(૩)—નિ૦(૫)

---

૧. આ સ્તવનમાં પંજાબી ભાષાના શબ્દો ઘણા છે,

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(રાગ સારંગમિશ્ર—કોઈ લો પર્વત ધુંધલો રે લો—એ દેશી)**

**શ્રી પદ્મપ્રભજિન** રાજને રે લો ! વિનતી કરું કર જોડ રે—જિણંદરાય
માહરે તું પ્રભુ એક છે રે લો! મુજ સમ તાહરે કોડ રે—જિ૦શ્રી૦(૧)

લોકાલોકમાં જાણીયે રે લો ! ઈમ ન સરે મુજ કામ રે—જિ૦
દાસ સ્વભાવે જે ગિણેંરે લો ! તો આવે મન ઠામ રે—જિ૦શ્રી૦(૨)

કહવાયે પણ તેહને રે લો ! જેહે રાખે મુજ લાજ રે—જિ૦
પ્રારથિયાં પહિડિયે[1] નહિ રે લો ! સાહિબ ગરીબનિવાજ રે—જિ૦શ્રી૦(૩)

કર-પદ મુખકજ શોભથી રે લો ! જીતી પંકજ-જાત રે—જિ૦
લંછન મિસિ સેવા કરે રે લો ! ધરનૃપ **સુસીમા** માત રે—જિ૦શ્રી૦(૪)

ઊગત અરૂણ તનુ વાન છેરે લો ! છઠ્ઠો દેવદયાલ રે—જિ૦
**ન્યાયસાગર** મનકામના રે લો ! પૂરણ સુખ રસાલ રે—જિ૦શ્રી૦(૫)

૧. બેદરકાર

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (સાહેલડીયાં—એ દેશી)

**પદ્મપ્રભ** છઠ્ઠા નમો—સાહેલડીયાં, **સુમતિ-પદમ** વિચે જેહ રે ગુણવેલડીયાં૦
નેવુ સહસ કોડી અયરનો[૧]—સા૦ અંતર જાણે એહ રે—ગુણ૦(૧)

ચ્યવીઆ મહા વદી છઠ દિને—સા૦ જનમ તે કાર્તિક માસ રે—ગુણ૦
વદી બારશ દિન જાણીયે—સા૦ રક્ત વરણ છે જાસ રે—ગુણ૦(૨)

ધનુષ અઢીસેં દેહડી—સા૦ કાર્તિક માસ કલ્યાણ રે—ગુણ૦
વદી તેરસ વ્રત આદર્યાં—સા૦ ચૈત્રી પૂનમ નાણ રે—ગુણ૦(૩)

ત્રીસ લાખ પૂરવ તણું—સા૦ આયુ ગુણમણિ ખાણ રે—ગુણ૦
માગશિર વદિ અગિયારસેં—સા૦ પામ્યા પદ નિરવાણ રે—ગુણ૦(૪)

સાહિબ છે સુરતરું સમો—સા૦ જિન **ઉત્તમ** મહારાજ રે—ગુણ૦
**પદ્મવિજય** કહે પ્રણમીયે—સા૦ સીઝે વાંછિત કાજ રે—ગુણ૦(૫)

૧. સાગરોપમનો

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (દેશી—રસિયાની)

**પદ્મ**જિનેસર **પદ્મ** લંછન ભલું, **પદ્મ**ની ઉપમા દેવાય—જિનેસર૦
ઉદકને પંકમાંહી જે ઉપનું, ઉદક-પંકે ન લેપાય—જિને૦પદ્મ૦(૧)

તિમ પ્રભુ કર્મ-પંકથી ઉપના, ભોગ-જળે વધ્યા સ્વામી—જિને૦
કર્મભોગ મ્હેલી અલગા રહ્યા, તેહને નમું શિર નામી—જિને૦પદ્મ૦(૨)

બારે પર્ષદા આગળ તું દીયે, મધુર સ્વરે ઉપદેશ—જિને૦
શર દષ્ટાંતે દેશના સાંભળે, નર-તિરિ-દેવ અશેષ—જિને૦પદ્મ૦(૩)

રક્તપદ્મ સમ દેહ તે તગતગે, જગ લગે રૂપ નિહાળ—જિ૦
ઝગમગે સમવસરણમાંહિ રહ્યો, પગે-પગે રિદ્ધિ રસાળ—જિને૦ પદ્મ૦ (૪)

**સુશીમા** માતા રે પ્રભુને ઉર ધર્યા, **પદ્મ**-સુપન ગુણધામ—જિને૦
**ઉત્તમવિજય** ગુરુ સહાયે ગ્રહ્યો, **પદ્મવિજય** પદ્મનામ—જિને૦ પદ્મ૦(૫)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(ઈમ ધન્નો ધણીને પરચાયે—એ દેશી)

**પદ્મપ્રભ**-પદપંકજ-સેવના, વિણ નવિ તત્ત્વને જાણે રે
મત અનેક વિભ્રમમાં પડિયો, નિજ મત માને પ્રમાણે રે—પદ્મ૦(૧)

ક્ષણિકભાવ સુગત પ્રકાશે, સૃષ્ટિ-સંહારનો કર્ત્તા રે
ઈશ્વર દેવ વિભુ વ્યાપક એક, **નૈયાયિક** અનુસરતા રે—પદ્મ૦(૨)

આત્મરૂપ એક દેહ દેહે, ભિન્ન રૂપ પ્રતિભાસે રે
જલ-ભાજન જિમ ચંદ્ર અનેકતા, યુક્તિ **સાંખ્ય** વિકાશે રે—પદ્મ૦(૩)

પુણ્યેતર જીવાદિક ભાવા, ધૂમાકારી છે શર્મ રે
જલ થલ ગિરિ પાદપ સવિ આતમ, **અદ્વૈતવાદિનો** મર્મ રે—પદ્મ૦(૪)

નિત્ય-અનિત્ય એકાંતે કોઈક, એમ-અનેક મત ઝાલે રે
પડીયો તત્ત્વ અ[1]-લહતો પેખી, જગગુરુ તત્વને આલે[2] રે—પદ્મ૦(૫)

ક્ષણિક તો ત્રિણકાળ સ્વરૂપને, જાણે નહિ કદાપિ રે
શુભાશુભનો જો કર્તા ઈશ્વર, ફળભોગતા તસુ વ્યાપી રે—પદ્મ૦(૬)

એક આતમ તો ત્રણ્ય ભુવનમાં, સુખ લહે સમકાળે રે
શૂન્યે વસ્તુ દૃષ્ટિ ઓળવતાં, ન તાંમે[3] બંધ્યા માહલે રે—પદ્મ૦(૭)

અદ્વૈતવાદી જડ-ચેતન એક જ; નિત્ય-અનિત્ય એકાંત રે
કૃતવિનાશ-અકૃતાગમ દૂષણ, કો નવિ દોષ અનેકાંતે રે—પદ્મ૦(૮)

દ્રવ્ય-પર્યાય નિત્ય-અનિત્ય એ, એક-અનેક ઉપયોગી રે
પક્ષપાત સવિ દૂરે કરી કહે, જગગુરુ ગુણભોગી રે—પદ્મ૦(૯)

સમભાવે એ પક્ષ ગ્રહે તે, ફીરે સંસાર તન કામે રે
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જિન-કરુણાથી, પરમાનંદ પદ જામે રે—પદ્મ૦(૧૦)

---

૧. ન મેળવતો ૨. આથે ૩. તેમાં

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

શ્રી **પદ્મપ્રભ** જિનરાજ શોભે, વદન શારદ-ચંદ રે
ભવિક જીવ-ચકોર નિરખી, પામે પરમાનંદ રે—શ્રી પદ્મપ્રભ૦(૧)

તુજ રૂપ-કાંતિ અતિ હી રાજે, મોહે સુર-નર-વૃંદ રે
તુજ ગુણ-કથા સવિ વ્યથા ભાંજે, ધ્યાન સુરતરૂ કંદ રે —શ્રી પદ્મપ્રભ૦(૨)

**પદ્મ**વરણી કાયા શોભે, **પદ્મ** સેવે પાયરે
**પદ્મ**પ્રભ જિન સેવા કરતાં, અવિચલ[૧]-પદ્મા થાય રે —શ્રી પદ્મપ્રભ૦(૩)

ધન્ય **સુસીમા** માતા જાયો, **ધરરાય** કુલ-મંડણ[૨] રે
નયરી કૌશાંબી ધન્ય જિહાં, હુઓ જન્મ-કલ્યાણ રે —શ્રી પદ્મપ્રભ૦(૪)

જન્મ પાવન આજ હૂઓ, જિનરાજ તાહરે ધ્યાન રે
હવે **ઋદ્ધિ કીર્તિ** અનંત આપો, થાપો સુખ પદ[૩]નિર્વાણ રે —શ્રી પદ્મપ્રભ૦ (૫)

---

૧. શાશ્વત લક્ષ્મીવાળો ૨. શોભારૂપ ૩. સ્થાન

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**પદ્મપ્રભ** શું મન લય લીનો, પદ્મ સમી જસ કાય જી
પદ્મ લંછન પદ્માસન પૂરે, બેઠા શ્રી જિનરાય–જી૦...(૧)

ચંચલ મન છે તો પણ દર્શન, દીઠે થાયે કરાર જી
મહેર નજરથી નિરખો સાહિબ, તો બે પંખિથી નિરધાર–જી૦....(૨)

મીઠી મૂરતિ સુરતિ તાહરી, પૂરિત અમૃત ધાર જી
અવર નજરમાં નાવે એવી, જો રૂપ હોવે અપાર–જી૦...(૩)

આદર કરીને આશ ધરીજે, સમરથની સુવાર જી
ભાગ્ય ફલે આપ વખતે સારું, એહ જવાબ ખરાર–જી૦...(૪)

રાંક તણી રગ એહ જ પુરણ, તુંહિ શ્રી જિનરાજ જી
વંછિત દાન દયાકર **વિમલ** પદ આતમનું કાજ–જી૦...(૫)

---

૧ ૨

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(દેશી-નાહના નાહલાની)

પદ્મપ્રભુ જિનવર જયો રે, પદ્મ સુકોમળ ગાત જિનજી વાલહો રે
પદ્મલંછન સોહામણું રે, માત **સુસીમા** જાત–જિનજી૦.(૧)

વદન-પદમ મનભમરલો રે,લીનો ગુણ-મકરંદ-જિનજી૦
પ્રભુ ચરણ-પદમ શરણે સદા રે, રાખો મોહે જિણંદ–જિનજી૦.(૨)

અઢીસેં ધનુષની દેહડી રે, પદમવરણ સોહાય–જિનજી૦
ત્રીશ પૂરવ લખ આઉખું રે,સુરપદમિની[1] ગુણ ગાય –જિનજી૦.(૩)

ધરનરવર-કુળ દિનમણિ રે, સુરમણિ વાંછિતદાન-જિનજી૦
મુજ મનમંદિર તું વસ્યો રે, જિમ કમળા[1] મન કહાન[2] –જિનજી૦.(૪)

નમતાં નવનિધિ સંપજે રે, પ્રભુ સમરતાં સીજે કાજ-જિનજી૦
**મેરુવિજય** ગુરુ-શિષ્યને રે, દીજે અવિચળ રાજ–જિનજી૦.(૫)

૧. દેવીઓ ૧. લક્ષ્મી ૨. કૃષ્ણ

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ—અમતરભાષ)

પ્રભુ! તેરી મૂરતિ મોહનગારી—પ્રભુ૦

**પદ્મપ્રભજિન** તેરીહી આગે,ઔર દેવન છબી હારી—પ્રભુ૦..(૧)

સમતા શીતલભરીદોય અખિયાં, કમલપંખરીયાં વારી

આનન તે રાકા[૧] ચંદસો રાજે, બાની સુધારસ સારી—પ્રભુ૦..(૨)

લચ્છન અંગ ભર્યો તન તેરો, સહસ અઠોત્તર ધારી

ભીતર ગુનકો પાર ન પાવે, જો કોઉ કહત બિચારી—પ્રભુ૦..(૩)

શશિ રવિ ગિરિ હરીકો ગુન લેઈ, નિરમિત ગાત્ર સમારી

બખત[૨] બુલંદ કાંહાંસોં આયો, યે અચરજ મુજ ભારી—પ્રભુ૦..(૪)

યો ગુણ અનંત ભરી છબી પ્યારી, પરમ ધરમ હિતકારી

કવિ **અમૃત** કહે ચિત્ત અવતારી, બિસરત નાંહી બિસારી—પ્રભુ૦..(૫)

---

૧.      ૨.

## કર્તા : શ્રી પ્રમોદસાગર મ.

(ચતુર સનેહી મોહના—એ દેશી)

શ્રી જિનરાજ જયંકરૂ, શ્રી **પદ્મપ્રભુ**[1] રાજે રે ।
દિનકર[1]વાને[2] દીપતો, જ્ઞાન-ગુણે કરી ગાજે રે,
બલિહારી જિન—રૂપકી૦(૧)

**કૌશાંબી**[3] નગરી ધણી, **ધરરાજા**[4] જસ તાતો રે ।
કુખે સુસીમા[5] માતની, અવતરીઆ જગ તાતો રે, બલિ૦(૨)

ત્રીશ પૂરવ લાખનું, આઉખું[6] અભિરામ રે ।
ધનુષ[7] અઢીશત દેહડી **કમલ**[8] લંછન શુભ ઠામ રે, બલિ૦(૩)

**કુસુમજક્ષ**[9] અને જક્ષણી, **શ્યામા**[10] કરે પ્રભુ સેવ રે ।
સાત અધિક શત ગણધરા,[11] હું વંદુ તતખેવ રે, બલિ૦(૪)

ત્રીશ સહસ ત્રિણલખ યતિ,[12] સાહુણી[13] ચઉલાખ રે ।
વીશસહસ અધિકી સહી, **પ્રમોદસાગર** ઈમ ભાખે રે—બલિ૦(૫)

---

૧. ઊગતા સૂર્ય જેવી ૧. સૂર્ય ૨. વર્ણે

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(દેશી–હમીરીયાની)

**શ્રીપદ્મ** [1]સદ્મ કમળાતણો; પાય પદ્મ રહ્યો જાસ–સનેહી ।
તિણ પદમાં તિહું લોકની; વસી **પદ્મપ્રભ** પાસ-સનેહી–શ્રી૦।।૧।।

[2]કમલા તે બેહું ભાતની, દ્રવ્ય-ભાવ પ્રકાર,–સનેહી ।
દ્રવ્યરમા અરિહતની, સુરનિર્મિત પ્રાકાર-સનેહી–શ્રી૦।।૨।।

પ્રાતિહારાજ આઠ જે; જન સુખકારી વિહાર-સનેહી ।
[3]હાટક કજ પદથાપના સુરનાયક છડીદાર–સનેહી–શ્રી૦।।૩।।

ભાવસિરી નિજ ઘરતણી, જ્ઞાનાનંદ અખંડ–સનેહી ।
લોકાલોક-પ્રકાશક, દર્શન સહિત પ્રચંડ–સનેહી–શ્રી૦।।૪।।

સતત નિજગુણ ભોગ જે, અવ્યાબાધ સ્વભાવ–સનેહી ।
ચપળા કમળા થિર રહી, એ તુમ અતુલ પ્રભાવ –સનેહી–શ્રી૦।।૫।।

મહિમાનિધિ પ્રભુ મુજ મળ્યા, પ્રસર્યો પુણ્ય પ્રકાશ–સનેહી ।
**વાઘજી** મુનિના **ભાણ**ને, દ્યો શિવકમળા વિલાસ –સનેહી–શ્રી૦।।૬।।

---

૧. ઘર ૨. લક્ષ્મી ૩. સુવર્ણ કમલ

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (જોગમાયા ગરબે રમે જો—એ દેશી)

**પદ્મપ્રભ** જિનરાજનાં જો, રૂડા ચરણકમળની છાંહ જો ।
વસતાં વિષય-કષાયનાં જો, સર્વ દૂર ટળે દુઃખ-દાહ જો—પદ્મ૦॥૧॥

આ ભવ પરભવ તુજ વિના, જો કોઈ કર્મ મર્મના અંત જો ।
કોઈક રે એહવો નહીં જો, બળિ સુખકર સાહિબ સંત જો—પદ્મ૦॥૨॥

અગણિત મહિમ[1] પુરંદરૂ જો, [2]તનુ સુંદર [3]વિદ્રુમવાન જો ।
[4]મંદરગિરિ જિમ ધીરમાં જો, આપે સેવકને વાંછિતદાન જો—પદ્મ૦॥૩॥

તુજ [5]મોટિમ ગુણ અરવિંદમાં જો, થયો મન-મધુકર એક તાન જો ।
વિનય વિધે રસિયા રહે જો, લહે ભક્તિ-પરાગ અમાન જો—પદ્મ૦॥૪॥

ધરનૃપતિકુળચંદલો જો, રાણી **સુસીમામાત** મલ્હાર જો ।
**શ્રી અક્ષયચંદસુરીશનો** જો, કહે **ખુશાલમુનિ** હિતકાર જો—પદ્મ૦॥૫॥

---

૧. ઇંદ્ર ૨. શરીર ૩. પરવાળા જેવું (લાલ) ૪. મેરુપર્વત ૫. મોટાઈ

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (વાહલો મારો દીએ છે દેશના રે—એ દેશી)

અંતરજામી પ્રભુ માહરા રે, **પદ્મપ્રભુ** વીતરાગ ।
સ્નેહલતા મુખ પેખતા રે, મેં ધર્યો તુજથી રાગ—
વ્હાલો મારો **પદ્મજિન** સેવીયે રે૦—વ્હાલો૦॥૧॥

ગુણસત્તા ઘર ઓળખેરે, તે ગુણગણનો જાણ ।
અળગુણ છાંડીને ગુણ સ્તવે રે, તે જસ જગત પ્રમાણ—વ્હાલો૦॥૨॥

અંગ થકી રંગ ઉપનોરે, જિમ ચાતુક મન મેહ ।
તેલબિંદુ જિમ વિસ્તરેરે, તિમતિમ તુજશું નેહ—વ્હાલો૦॥૩॥

સુરનર ઇંદ્ર મુનિવરારે, અહનિશ ધરે તુજ ધ્યાન ।
સરીખાસરીખી સાહેલડીરે, ગાવે જિનગુણ ગાન —વ્હાલો૦॥૪॥

ચરણ-કમલની ચાકરીરે, અવિહડ ધરજ્યો નેહ ।
**નવલવિજય** જિન સાહેબારે, **ચતુર**ની વધતી રેહ—વ્હાલો૦॥૫॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (હું તુજ આગળ શી કહું ? કેશરીયા લાલ–દેશી)

શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિ રે લાલ, જગતારક જગદીશ રે–વાલ્હેસર૦ ।
જિન-ઉપગાર થકી લહે રે લાલ, ભવિજન સિદ્ધિ[1] જગીશ રે–વા૦..।।૧।।
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ, દરસણ શુદ્ધ પવિત્ત રે–વા૦
દર્શન શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ-એવંભૂત રે–વા૦તુજ૦।।૨।।
બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂ-જલ યોગ રે–વા૦ ।
તે મુજ આતમ-સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ-સંયોગ રે–વા૦તુજ૦।।૩।।
જગતજંતુ કારજ-રૂચિ રે લાલ, સાધે ઊગે ભાણ રે–વા૦ ।
ચિદાનંદ સુ-વિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે–વા૦તુજ૦।।૪।।
લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઊપજે સાધક-સંગ રે–વા૦ ।
સહેજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્વી-રંગ રે–વા૦તુજ૦।।૫।।
લોહ-ધાતુ કંચન હુવે રે લાલ, પારસ-ફરસન[2] પામી રે–વા૦ ।
પ્રગટે અધ્યાત્મદશા રે લાલ, વ્યક્ત-ગુણી ગુણગ્રામ રે–વા૦તુજ૦।।૬।।
આત્મરિદ્ધિ કારજ ભણી રે લાલ, સહજ નિર્યામક હેતુ રે–વા૦ ।
નામાદિક જિનરાજના રે લાલ, ભવસાગર મહાસેતુ રે–વા૦તુજ૦।।૭।।

થંભન ઇંદ્રિય-યોગનો રે લાલ, રક્ત વર્ણ ગુણ ગાય રે—વા૦ ।
**દેવચંદ્ર**-વૃંદે સ્તવ્યો રે લાલ, આપે અવર્ણ અકાય રે—વા૦તુજ૦॥૮॥

૧. મોટી ૨. સ્પર્શ

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે લો—એ દેશી)

**પદ્મ પ્રભનો** પામીએ રે લો, [૧]દોલતવંત [૨]દેદાર રે—જિનેસર ।
મંગલમાલા કારણો રે લો, **સુસીમા** માત મલ્હાર રે—જિને૦પદ્મ૦...॥૧॥

ચતુર કરીજે ચાકરી રે લો, ભાવજલે ભરપૂર રે—જિને૦ ।
પરમ-પુરુષના સંગથી રે લો, શિવ સુખ લહીયે-સ-નૂર રે—જિને૦પદ્મ૦... ॥૨॥

[૩]વાલેસર ! ન વિસારિયે રે લો, ગિરૂઆ ગરીબ-નિવાજ રે—જિને૦ ।
દાતારી તું દીપતો રે લો, દે ઇચ્છિત મુજ આજ રે—જિને૦પદ્મ૦.॥૩॥

[૪]ઓઘ તું [૫]ઠેલ હવે પાપના રે લો, પાલ્ય[૬] સલુણા ! પ્રીત રે—જિને૦ ।
તિલતિલ થાઉં [૭]તોપરે લો, ચતુર ! નાણો કિમ ? ચિત્ત રે—જિને૦પદ્મ૦. ॥૪॥

મન મંદિર મુજ આવિયે રે લો, એહ કરૂં અરદાસ રે—જિને૦ ।
કહે **જીવણ** આવી મિલે રે લો, સહેજે લીલ-વિલાસ રે—જિને૦પદ્મ૦.॥૫॥

૧. પ્રભાવશાળી ૨. ચહેરો ૩. અત્યંત પ્યારા ૪. સમૂહ ૫. દૂર કર ! ૬. સૌભાગ્યશાળી
૭. તમારા ઉપર

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા)

પદ્મપ્રભ-જિનરાયની [1]પ્રભુતા, પેખું તો મુજ વાધે [2]પ્યાર ।
રયણ કનક ને રૂપા કેરા, ઉન્નત ત્રણ ગઢ અતિહી ઉદાર—પદ્મ૦॥૧॥

વિચ-માંહી મણિપીઠ વિરાજે, તાજો અશોક તિહાં તરુરાય ।
વિપુલ-પત્ર-ફલ-ફૂલ-વિભૂષિત, છાજે એક-જોજન જસ છાંય—પદ્મ૦॥૨॥

સોવનમય મણિમંડિત સુંદર, ચિહું દિશિ તસ સિંહાસન ચાર ।
ચઉવિહ ધર્મ કહે [3]ચઉ-વદને, જિન બેસી તિહાં જગદાધાર—પદ્મ૦॥૩॥

[4]ગહિરી એક જોજન લગે ગાજે, જિનવાણી જાણે જલધાર ।
સહુ નિજ-નિજ-ભાષામય સમજે, બેઠી તિહાં જે પર્ષદ બાર—પદ્મ૦॥૪॥

ધન્ય દિન તે ! તેહજ વેળા ધન્ય ! દેખશું જબ ઇણ-વિધિ દેદાર ।
દાન કહે ગણશું તે દિનને, સઘલા ભવમાંહી [5]શ્રીકાર—પદ્મ૦॥૫॥

---

૧. ઐશ્વર્ય ૨. રાગ ૩. ચાર મુખથી ૪. ગંભીર ૫. શ્રેષ્ઠ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(શ્રી નમિ જિનવર સેવ ઘનાઘન ઉનમ્યો રે, ઘનાઘન ઉનમ્યો—એ દેશી)

પદ્મપ્રભ-ભગવંત મહંત હૈયે રમ્યો રે-મહંત હૈયે રમ્યો ।
જ્ઞાન-નિધાન આનંદ-અમીરસમય જન્યો રે—અમી૦ ।
અવર દેવતા-સેવ-સ્વભાવ [1]સહી [2]વમ્યો રે—સ્વ૦ ।
કલિયો[3] બલિયો મોહ, મહા-રિપુને દમ્યો રે—મહા૦ ।।૧।।

ભક્તિ-રાગનો લાગ, જિનેસર શું કરે રે ?—જિ૦ ।
તે નરવંછિત-ભોગ-સંજોગ લીલા વરે રે—સં૦ ।
મહિમાદિક સવિ સિદ્ધિ, પ્રસિદ્ધિ સુવિસ્તરે રે—પ્ર૦ ।
અ-પરંપાર સંસાર-મહોદધિ નિસ્તરે રે—મહા૦ ।।૨।।

દીઠે જિન-દેદાર, ઉદાર દિશા જગી રે—ઉ૦ ।
મલીયો મીનતિ યોગ કે, વિનતિ સવિ લગી રે—વિ૦ ।
પવિત્ર કરુ તન એહ, સનેહશું ઓળગી રે—સ૦ ।
થાયે સ્વામી-પ્રસાદથી, સિદ્ધિ-વધૂ સગી રે—સિ૦—મહા૦ ।।૩।।

તુજ નામે આરામ હુએ મન માહરે રે—હુ૦ ।
પામું સુખ-સંજોગ, સુણ્યે જસ તાહરે—સુ૦ ।
તું મુજ જીવન-પ્રાણ કે, આણ વહું સહી રે—આ૦ ।
રહું સદા લયલીન, હજુ રે ગહગહી રે—હ૦—મહા૦ ।।૪।।

જાસ કરી જે આશ કે, તાસ વેસાસશું રે—તા૦ ।
વાધે રંગ-તરંગ કે, મન આસાસશું રે—મ૦ ।
**મેઘ-મહોદય** દેખ, મયૂર-વિલાસશું રે—મ૦ ।
ખેલે તેમ પ્રભુ-પાસ કે, દાસ ઉલ્લાસશું રે—દા૦—મહા૦॥૫॥

૧. ખરેખર ૨. દૂર કર્યો ૩. કળવાળો

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (પુક્ખલવઈ વિજયે જ્યો રે—એ દેશી)

**પદ્મપ્રભ-જિન** ભેટીયે રે, સાચો શ્રી જિનરાય ।
દુઃખ દોહગ દૂરે ટળે રે સીઝે વાંછિત-કાજ-
ભવિકજન ! પૂજો શ્રી જિનરાય, આણી મન અતિ ઠાય—ભવિ૦॥૧॥

શિવ-[૧]રામા વશ તાહરે રે રાતો તેણે તુમ અંગ ।
કમલ રહે નિજ પગ-તલે રે, તે પણ તિણહીજરંગ—ભવિ૦॥૨॥

રંગે રાતા જે અછે રે, વિચે રહ્યા થિર થાય ।
તું રાતો પણ સાહિબા રે, જઈ બેઠો સિદ્ધિમાંય—ભવિ૦॥૩॥

અધિકાઈ એ તુમ તણી રે, દીઠી મેં જિનરાજ ।
ઠકુરાઈ ત્રણ-જગતણી રે, સેવ કરે સુરરાજ—ભવિ૦॥૪॥

દેવાધિદેવ ! એ તાહરૂં રે, નામ અછે જગદીશ ।
ઉદારપણું પણ અતિ-ઘણું રે, રંક કરો ક્ષણ ઈશ—ભવિ૦॥૫॥

એહવી કરણી તુમ-તણી રે, દેખી સેવું તુજ ।
**કેશર વિમલ** કહે સાહિબા રે ! વાંછિત પૂરો મુજ—ભવિ૦॥૬॥

૧. લક્ષ્મી - સ્ત્રી

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

## (ચાલો સખી મિલિ દેરહેએ—એ દેશી)

**પદ્મ-પ્રભ**-જિનરાયજી, તુમ્હ સેવા કિમ કીજે રે ? ।
દૂર રહ્યાંથી શી પરે ? ભાવ ભક્તિ ફલ લીજે રે —**પદ્મપ્રભ** જિનરાયજી॥૧॥

અહનિશિ સાહિબ ! તું વસે, અ-ગમ અ-ગોચર ઠામે રે ।
ભારે કર્મી જીવ જે, તે કિમ દરસણ પામે રે ? -પદ્મ પ્રભ૦॥૨॥

આવી ન શકું તુમ્હ કને, આપ-બલે અરિહંત રે ।
પણ બાંહ્ય ગ્રહીને તારવા, સાહિબ છો બલવંત રે—પદ્મ પ્રભ૦॥૩॥

જાણી સમરથ સવિ પરે, સેવા કીજે સાર રે ।
[1]ભેડિ-પૂછિ ભાદુવ નદી, કુણ ગ્રહી ઉતર્યો પાર રે—પદ્મ પ્રભ૦॥૪॥

અવસર આણી ચિત્તમાં, એ સેવક અરદાસ રે ।
પ્રગટ દરિસન આપીયે, **કનકવિજય** એ આશ રે—પદ્મ પ્રભ૦॥૫॥

૧. ભેડ = ઘેટું તેના પૂંછને પકડી ભાદુવ = મોટી નદી કોણ પાર ઊતરી શકે ? (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (વારી હો પ્રભુ વારી હો—એ દેશી)

તુમ મૂરત મન [1]માની હો, પ્રભુ ! તુમ મૂરતિ મન માની !
તું મેરા સાહિબ, મેં તેરા [2]બંદા, ઓર નહિં મેં [3]હિય-ઠાની હો—પ્રભુ૦॥૧॥

ધર રાજા-સુત સુંદર સોહૈં, સુસીમા રાની હો—પ્રભુ૦
પ્રભુ [4]શારદ-ચંદ દેખન કો, અખિયાં અતિ [5]ઉમહાંની હો—પ્રભુ૦ ॥૨॥

[6]અધર [7]વિદ્રુમ દંત દાડિમ ઉપમા, મુઝ મન અધિક સુહાની હો—પ્રભુ૦
પ્રભુજી વિના કોઈ મિત્ર ન, તિનસું કહીએ [8]અ-કહ કહાની હો—પ્રભુ૦॥૩॥

અંતર્યામી સ્વામી હમારો, પે તુમ અધિક ગુમાની હો—પ્રભુ૦ ।
પ્રભુજી ! સાર કરો અબ [9]વેગે, સેવક ચિત્ત હિત આની હો—પ્રભુ૦॥૪॥

પદ્મપ્રભુજીશું પુણ્ય પસાયે, અ-વિચલ પ્રીત બંધાની હો—પ્રભુ૦ ।
રૂચિર પ્રભુ ! પય સેવા દીજે, તુમ સમ અવર ન દાની હો—પ્રભુ૦॥૫॥

---

૧. ભાવી ૨. સેવક ૩. હૃદયમાં રાખ્યા ૪. આસો સુદ પૂનમના ૫. ઉમંગવાળી ૬. ઓઠ ૭. પરવાળાં ૮. ન કહેવાય તેવી ૯. જલ્દી

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(આ છે લાલ—એ દેશી)

**પદ્મપ્રભ** જિનરાય, રાતી જેહની કાય
જિનવર લાલ ! હું પણ [1]રાતો પ્રેમે ગ્રહ્યો ।
રયણ સિંહાસન સાર, અતિશય ગુણે [2]અંબાર
જિનવર લાલ ! રૂપે તો વરસી રહ્યો૦...॥૧॥

મસ્તકે છત્ર ઢલાય, ચામર સાર વિંઝાય,
જિનવર લાલ ! અપચ્છરા આગલિ નાચતી ।
સોહે અશોકની છાય, ધર્મધ્વજ લહેકાય
જિનવરલાલ ! દૌં દૌં દુંદુભિ વાજતી૦...॥૨॥

યોજન ગામિની વાણી, દેશના અમીય સમાણી
જિનવર લાલ ! ભવિક-જન સંશય હરે ।
ઈંદ્રાણી ગુણ ગાય, હીયડે હરખ ન માય,
જિનવર લાલ ! ઈંદ્ર ચઉસઠિ સ્તવના કરે૦...॥૩॥

એ સાચું કઈ સુણ, પ્રભુ-સરૂપ [૩]કકલે કુંણ,
જિનવર લાલ ! મુખ પુનિમ ચંદો હરે ?
દર્શન ઈંદ્ર લોભાય, અમ દીઠાં-દુઃખ થાય,
જિનવર લાલ ! રાત દિવસ હીયડે વસે...।।૪।।

ચંદને ચાહે ચકોર, જિમ મેહાને મોર,
જિનવર લાલ ! તિમ વિસારૂં નહીં ઘડી ।
કહે **ભાવ-પ્રભસૂરીશ**, તુંહી જ મહારે ઈશ,
જિનવર લાલ ! તુમ્હશું પ્રીતિ રૂડી જડી....।।૫।।

---

૧. આસક્ત ૨. શોભા ૩. કળી શકે = ઓળખી શકે

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી—એ દેશી)

**પદ્મપ્રભ** જિનરાજ, સુરનર સેવ કરેરી ।
પુષ્ટાલંબન દેવ, સમરે દુરિત હરેરી...॥૧॥

ટાલે મિથ્યા-દોષ, સમકિત-પોષ કરેરી ।
ભવિ-કમલ-પડિબોહ, દુર્ગતિ દૂર હરેરી...॥૨॥

ત્રિગડે ત્રિભુવન સ્વામી, બેસી ધર્મ કહેરી ।
શાંત-સુધારસ વાણ, સુણતાં તત્ત્વ ગ્રહેરી...॥૩॥

ક્રોધાદિનો ત્યાગ, સમતા સંગ સજોરી ।
મન આણી સ્યાદ્વાદ, અવિરતિ સર્વ તજોરી...॥૪॥

અનુભવ ચારિત્ર જ્ઞાન, જિન-આણા શિર ધરોરી ।
અક્ષય-સુખનું ધ્યાન, કરી ભવ-જલધિ તરોરી...॥૫॥

રક્તવર્ણ તનુ-કાંતિ, વર્ણ-રહિત થયોરી ।
અ-જર-અમર નિરૂપાધિ, લોકાંતિક રહ્યોરી...॥૬॥

નિરાગી પ્રભુ-સેવ, ત્રિકરણ જેહ કરેરી ।
**જિન-ઉત્તમની** આણ, રતન તે શિર ધરેરી...॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ—લવિંગ સોપારી એલચી વા કાંઈ બીડ લેવા—એ દેશી)

પદ્મપ્રભ જિન પેખતાં, મોરા લોચન અમીય ભરાય રે-
સુખકર કે સાહિબ સેવીયે । પુણ્ય-પ્રભાવિ પામીયે,
પ્રભુ-[1]ભેટ ભલી ફલદાય રે—સુખ૦ સાહિબ૧૦ ।।૧।।

નયરી **કોશંબી** નરવરુ, **ધર** નંદ મો મન ભાય રે—સુખ૦ ।
માત સુસીમા જેહની, [2]સુર-નાયક-સેવિત પાય રે—સુખ૦......।।૨।।

પંકજ લંછન પ્રેમ-શું રે, જિન નમતાં પાતિક જાય રે—સુખ૦ ।
દીનબંધુ દુઃખ વારણો, જહ સુ-વિદ્રુમ વરણી કાય રે—સુખ૦ .....।।૩।।

ભવિજન વાંછિત પૂરવા, પ્રભુ ! સુરુ-તરુ કંદ સચાય રે—સુખ૦ ।
કેવલ-કમલા ભોગવી, જિણે સિદ્ધિ-વધૂ વરી ધાય રે—સુખ૦ ......।।૪।।

તે ગુણ-સાગર ગાયતાં, સ્વામી [3]દૂરિત દૂર પલાય રે—સુખ૦ ।
**માણિક મુનિ** મન-મંદિરે, એહ રંગ રમો જિનરાય રે—સુખ૦ ......।।૫।।

૧. પ્રભુનો સંયોગ ૨. ઇંદ્ર ૩. પાપ

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (જિનપતિ ! પદ્મરાગ-સોહામણો રે, શુચિ સ્વયં પ્રભુ સુવિલાસ રે –જિનપતિ !)

જલથી **પદ્મ** ન્યારો રહે રે, વાલો મારો તિમ વિચરે ઘર વાસ રે-
જિનપતિ ! ધિંગ ધણી રે ॥૧॥

નવમા ગ્રૈવેયકથી ચવ્યો રે, સુરવર ધર્મ મિત્ર અણગાર હો–જિન૦।
કૌશાંબી નગરી ધણી રે, જનમ્યો ચિત્રામેં સુખકાર હો–જિન૦॥૨॥

રાક્ષસ ગણ જોનિ ધોરી રે, નિરૂપમ કન્યા રાશિ વડ ભાગ હો–જિન૦।
જગ-હિત-વચ્છલ કારણે રે, વરસીદાન દેઈ વીતરાગ હો–જિન૦ ॥૩॥

ચાર મહાવ્રત ઉચરી રે, ખટ માસ ઉગ્ર કરી વિહાર હો–જિન૦।
છત્રાલ તરૂવર હેઠલે રે, ઉદયો નાણ અ-મલ દિનકાર હો–જિન૦ ॥૪॥

ત્રિણ અધિક શત આઠશું રે, વરીયા નિર્વેદી પદ ધામ હો–જિન૦।
સાસય અનંત સુખ ભોગવે, સેવક દીપ કરે ગુણ ગ્રામ હો–જિન૦ ॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (આવ્યઉ તિહાં નરહર પહની ઢાલ)

પઉમપ્પહ ઢાઈસય ધણું (૧) વિદ્દુમ કાય (૨)
કોશંબી પતિ ધર (૩) (૪) દેવી સુસીમા જાય (૫)
ઉડુ ચિત્તા (૬) કન્તા (૭) કમલ અલંકિઅ દેહ (૮)
પૂરવ લખ તીસે જીવિઅધ ગુણ ગેહ (૯)
ગુણ ગેહ નવમ ગેવિજ્જહં ચવિયઉ (૧૦) સોમદેવ આહાર (૧૧)
કેવલ પામ્યઉ કોસંબીયઈ (૧૨) છઠ તપઈ (૧૩)
વ્રત ભાર (૧૪), સત્તોતર સય ગણહર કહીયઈ (૧૫)
તરૂ છત્તાહ વખાણઉ (૧૬) અંતર નવકોડિ સહ સાયર સુમતિ
પદમવિચિ જજાણઉ (૧૭) ॥૧॥
ઉત્તમ મુણિ લખ તિગ સહસતીસ ગુણ ધામ (૧૮),
સાહૂણી લખ ચઉતિમ સહસ વીસ અભિરામ (૧૯) ।
છહતર સહસાહિઅ સાવય દુગ લખ સંખ (૨૦),
સાવિઅ પણ સહસાહિય, પણ લખ ગય કંખ (૨૧) ।
ગય કંખ કુસુમ ભત્તિબ્ભર સેવઈ અંજલિ જોડી (૨૨),

તિમ અચ્ચુઅ દેવી જિણ-પય-પંકજ પણમઇ મચ્છર છોડી (૨૩) ।
મુગતિ-રમણી સંમેતઇં પામી (૨૪) જિણ-શાસણિ શિણગાર ।
**ધર્મકીર્તિ** ગણી એમ પયંપઇ પણમું વારંવાર ॥૨॥

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (શ્રી શીતલજિન ભેટિયો—એ દેશી)

**શ્રી પદ્મપ્રભ** જિનરાજજી, તનુ રક્ત-કમલ-સમ વાન-હો ! ।
જ્ઞાન અનંત સુ-જાણતા,[૧] દગ્ કરુણા-ગેહ સમાન હો ! શ્રી પદ્મ૦॥૧॥

કેવલ દર્શન દેખીને, કહે લોક-અલોકની વાત-હો ! ।
સમયાંતર ઉપયોગથી, સાકાર-અનાકાર જાત-હો ! શ્રી પદ્મ૦॥૨॥

ભાવી-ભૂત-ભવિષ્યની, ભવિ આગલ કહે જગનાથ-હો ! ।
ચઉ-મુખે વાણી પ્રરૂપતાં, તારણ-કારણ [૨]ભવપાથ-હો ! શ્રી પદ્મ૦॥૩॥

પુષ્કર-મેઘ થકી ભલો, બોધિ-અંકુર રોપણહાર-હો ! ।
શ્રદ્ધા ભાસન રમણતા, મૂલ કંદ ખંડ નિરધાર-હો ! શ્રી પદ્મ૦॥૪॥

શમ-સંવેગ-નિર્વેદતા, અનુકંપા અને આસ્તિક્ય—હો ! ।
શાખા ચાર અને ભલો, ઊર્ધ્વ શાખા તે વિડિમ અધિકા-હો ! શ્રી પદ્મ૦॥૫॥

પત્ર-સંપત્તિ સુખ રૂપીઆ, સુર સુખ છે તેહમાં ફલ-હો ! ।
ફલ શિવ-સુખ પામે ભવી, જિહાં અક્ષય-થિતિ અનુકૂલ-હો ! શ્રી પદ્મ૦॥૬॥

ભાવ મેઘ બહુ ગુણે જાણીઇ, જિન-વાણી સકલ મલ શોધ-હો ! ।
વાણી ભવ-નિસ્તારણી, તે સુણી પામ્યો પ્રતિબોધ-હો ! શ્રી પદ્મ૦।।૭।।

તે ઉપગારી ત્રિલોકને , આપે અ-વિચલ સુખ-વાસ-હો ! ।
**સૌભાગ્યચંદ્ર** પસાયથી, કહે **સ્વરૂપચંદ્ર ગુણ** ભાસ-હો ! શ્રી પદ્મ૦।।૮।।

---

૧. દષ્ટિ ૨. ભયરૂપ અમુક

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ—આસાઉરી દેવગંધાર)

પ્રભુજી ! તુમારી અ-કથ કહાની ।
દાન બિના સબ જેર કીએ હૈ, સુર-નર જગકે પ્રાની—પ્રભુ૦।।૧।।

[1]નિર-અંબર સુંદર સહજહી, બિનુ સંપતિ રજધાની ।
ક્રોધ બિના સબ કર્મ વિનાશે, અ-પઠિત બડે વિજ્ઞાની—પ્રભુ૦।।૨।।

રાગ બિના સબ જગત-જન તારે, શુદ્ધ અક્ષર સુવાની ।
**ગુણવિલાસ પ્રભુ પદ્મજિનેસર**, કીજે આપ-સમાની—પ્રભુ૦।।૩।।

---

૧. કપડાં વિના

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(ઢાલ—મારો પ્રભુ બ્રહ્મચારી—એ દેશી)

**પદ્મપ્રભ**-પદ-પંકજ-સેવા, મન મધુકર નિત હેવા રે—જિનવર ઉપગારી ।
[1]રક્તોપલ સમ [2]સોહિત દેહા, ભવિમન ચાતક મેહા રે—જિનવર ઉપગારી. ॥૧॥

દોષ અઢાર રહિત પ્રભુ રાજે, બાર ગુણે કરી ગાજે રે—જિનવર ઉપગારી ।
તીન ભુવનમેં આણંદકારી, મુગતિ વધૂ તુઝ પ્યારી રે—જિનવર ઉપગારી ॥૨॥

તું વરદાયી શિવપદ-ગતિનો, દાયક મુગતિ—ગુપતિનો રે—જિનવર ઉપગારી ।
સર્વ ભક્તિને જિન ઉર ધારો, કરુણા કરી ભવ તારો રે—જિનવર ઉપગારી ॥૩॥

તુમ ચરણે મન જે જન બાંધે, તે આતમ સત્તા સાધે રે—જિનવર ઉપગારી ।
અનંત નિર્મલતા તાહરી નિરખી, શાસ્ત્ર થકી જિન પરખી રે—જિનવર ઉપગારી ॥૪॥

નિજ આતિમ-કારજ જે સાધે, તે જન તુમ આરાધે રે—જિનવર ઉપગારી ।
ગુણ ગાવે નિત ગણી જગજીવન, પ્રભુ ! તું છે ચિંતામણિ રે—જિનવર ઉપગારી ॥૫॥

---

૧. લાલ પાષાણ ૨. શોભતું

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ—કનડો)

હો ! જિનવર ! અબ તો મહેર કીજે, નિજ-પદ-સેવા દીજે ।
દરસણ દેહુ દયાલ ! દયા કરી, [1]ધીઠું મન [2]ધીજે—હો૦॥૧॥

હો ! [3]એકતારી ધારી મેં તુમશું, અપનો કરી જાનીજે ।
ઓર સભી સુર નટ વિટ જાણી, નિરખી-નિરખી મન ખીજે—હો૦॥૨॥

અંતરજામી અંતરગતકી જાણો કહા કહીજે ? ।
**પદ્મપ્રભ ! જિનહર્ષ તુમારી, [4]સોમ-નજરશું જીજે—હો૦॥૩॥**

---

૧. નિરાશ થયેલ ૨. પ્રસન્ન થાય ૩. ઉત્કટ પ્રીતિ ૪. પ્રસન્ન

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (રાગ પૂરવી)

ઘડી ઘડી સાંભરે સાંઇ સલૂના-ઘડી ઘડી૦ ॥
પદ્મપ્રભ જિન દિલસે ન વિસરે, માનું કિયો કછુ ગુનકો દૂના ।
દરિસન દેખતહી સુખ પાઉં, તો બિન હોત હું [1]ઉના-દૂના-ઘડી૦॥૧॥

પ્રભુ ગુન જ્ઞાન-ધ્યાન વિધિ રચના, પાન સુપારી કાથા ચૂના ।
રાગ ભયો દિલમેં આયોગે, રહે છિપાયા ના છાના-છૂના—ઘડી૦॥૨॥

પ્રભુ ગુન ચિત્ત બાંધ્યો સબ સાખે, કુન પેસે લેઈ ઘરકા ખૂના ।
રાગ જગા પ્રભુશું મોહિ પરગટ, કહો ! નયા કાઉ કહો જૂના ?—ઘડી૦॥૩॥

લોક-લાજસે જે ચિત્ત ચોરે, સો તો સહજ વિવેકહી સૂના ।
પ્રભુ-ગુણ ધ્યાન વિગર ભ્રમભૂલા, કરે કિરિયા સો [2]રાને રૂના—ઘડી૦॥૪॥

મૈં તો નેહ કિયો તોહી સાથે, અબ નિવાહો તો [3]તોથેઇ [4]હૂના ।
જસ કહે તો બિનુ ઓર ન સેવુ , અમિય ખાઈ કુન ચાખે લૂના ?—ઘડી૦॥૫॥

---

૧. ઊંચોનીચો ૨. જંગલમાં રોવું ૩. તમારાથી ૪. થશો

# શ્રી પદ્મપ્રભુસ્વામીની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

પદ્મપ્રભુદત છદ્માવસ્થા, શિવસદ્મે સિદ્ધા અરૂપસ્થા;
નાણને દંસણ દોય વિલાસી, વીર કુસુમ શ્યામા જિનપાસી....॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

અઢીસેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહમાયા,
સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા;
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુર વરરાયા, મોક્ષનગરે સધાયા....॥૧॥



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી પદ્મપ્રભુ સ્વામીની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : શ્રીધર રાજા | માતાનું નામ | : સુસીમા |
| જન્મ સ્થળ | : કૌસુંબી | જન્મ નક્ષત્ર | : ચિત્રા |
| જન્મ રાશી | : કન્યા | આયુનું પ્રમાણ | : ૩૦ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૨૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : રક્તવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૬ [illegible] | દીક્ષા [illegible] | છત્ર વૃક્ષ |
| ગણધર સંખ્યા | : [illegible] | [illegible] | કૌસુંબી |
| સાધુઓની સંખ્યા | : [illegible] | [illegible] | : ૪૨,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : [illegible] | [illegible] | ૫,૦૫,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : કુ[illegible] | અધિષ્ઠાયક યક્ષિણી | : સ્યામા |
| પ્રથમ ગણધરનું નામ | : પ્રદ્યોતન | પ્રથમ આર્યાનું નામ | : રતિ |
| મોક્ષ આસન | : કાર્યોત્સર્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : માગશર વદિ ૬ | જન્મ કલ્યાણક | : કારતક વદિ ૧૨ |
| દીક્ષા કલ્યાણક | : કારતક વદિ ૧૩ | કેવલજ્ઞાન કલ્યાણક | : ચૈત્ર સુદિ ૧૫ |
| મોક્ષ કલ્યાણક | : માગશર વદિ ૧૧ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |


રનું નામ : પ્રદ્યોતન | પ્રથમ આર્યા
: કાર્યોત્સર્ગ | ભવ સંખ્યા
ણક : માગશર વદિ ૬ | જન્મ ક
ણક : કારતક વદિ ૧૩ | કેવલજ્ઞાન


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩